**Surya Kaal, Ahmedabad, December 07, 2009**

# ટીસીએસ આઈટી વિઝ ૨૦૦૯ને સાંપડેલો અભૂતપૂર્વ પ્રતિસાદ



અમદાવાદ, શુક્રવાર

દેશની અગ્રણી આઈટી સર્વિસ, બિઝનેસ સોલ્યુશન અને આઉટસોર્સિંગ કંપની ટાટા કન્સલ્ટન્સી સર્વિસિઝ (ટીસીએસ) દ્વારા આયોજિત ટીસીએસ આઈટી વિઝ ૨૦૦૯ને અભૂતપૂર્વ પ્રતિભાવ સાંપડ્યો હતો. અમદાવાદના ટાગોર હોલ ખાતે યોજાયેલા ટીસીએસ આઈટી વિઝમાં અમદાવાદની ૮૦ થી વધુ શાળાઓના બાળકોએ ભાગ લીધો હતો.

તીવ્ર બુદ્ધિ ક્ષમતાનો ક્યાસ કાઢતા કેટલાંક પ્રશ્નો અને અત્યંત રોમાંચક બનેલી ફાઈનલમાં અમદાવાદની મહારાજા અગ્રસેન વિદ્યાલયના નયન ગોયલ અને વિનય મહેશ્વરી વિજયી બન્યાં હતાં. વિજેતાઓને ટ્રોફી તથા દરેકને એક લેપટોપ ઈનામ તરીકે અપાયું હતું. જ્યારે વડોદરાની નવરચના વિદ્યાની વિદ્યાલયના શોએબ મર્ચન્ટ અને મંથન પારેખ રનર્સ અપ રહ્યા હતાં. તેમને ટ્રોફી તથા ડિજિટલ કેમરા અને ડિજિટલ ફોટો ફ્રેમ ઈનામ તરીકે એનાયત કરાઈ હતી. ઈનામ વિતરણ સેન્ટર ફોર એન્વાયર્નમેન્ટ એજ્યુકેશન(સીઈઈ)ના ફાઉન્ડર ડિરેક્ટર કાર્તિકેય સારાભાઈના હસ્તે કરાયું હતું.

લેખિત પ્રિલિમના પરિણામને અંતે પ્રાદેશિક ફાઈનલમાં છ ટીમો પહોંચી હતી જેમને ટીસીએસ તરફથી ટ્રાવેલ બેગ, એમપી૩ પ્લેયર, ઘડિયાળો, કોફી ટેબલ બૂક્સ, કોફી મગ્સ અને ટીશર્ટ તથા શહેરની પ્રતિષ્ઠિત હોટેલ્સના ગિફ્ટ વાઉચર્સ પણ એનાયત કરાયા હતા.